જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૮/૧૦/૨૦૨૧ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૮૯૬/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૦૭ | ૦ | ૧૧૭૦૭ | ૧૭૮૧૮ | ૦ | ૧૭૮૧૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૧૬ | ૦ | ૧૧૬ | ૩૯૩ | ૦ | ૩૯૩ |
| ૪ | **Disaster Management Act 2005** હેઠળના ગુન્હાઓ | ૭૨૫૭૮ | ૧૨૯ | ૭૨૭૦૭ | ૭૩૬૧૨ | ૧૨૮ | ૭૩૭૪૦ |
| કુલ | | ૮૯૧૩૪ | ૧૨૯ | ૮૯૨૬૩ | ૯૮૧૦૫ | ૧૨૮ | ૯૮૨૩૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૧ | ૩,૬૪,૪૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૨૬ | ૪,૨૬,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૬૩ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૨ બિયર ટીન અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૬૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૯/૨૦૨૧**

**આનંદનગરઃ** જીનલભાઈ કિરીટભાઈ ચુડાસ્મા (રહે. કૃષ્ણાધામ વિભાગ-૧ વેજલપુર) એ તા.૧૭/૧૦/૨૦૨૧ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૦/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે સેટેલાઈટ હેતવી ટાવરની ગલીમાં અવધ એપાર્ટમેન્ટના ગેટ પાસે પાર્સલો ભરેલો બેગ ફ્લેટના મેઇન ગેટ પાસે મોટર સાયકલની સીટ ઉપર મુકી પાર્સલ ડીલીવરી કરવા માટે ફ્લેટમાં ગયા હતા ત્યારે ડીલીવરી કરવાના બાકી (કુલ-૬૦ પાર્સલ) પાર્સલ કિંમત રૂપિયા ૫૧,૦૨૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ ગતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી વિજયસિંહ જીલુસિંહ ચલાવે છે.

**સોનાની ચેઈન/મંગળસુત્ર ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૦/૨૦૨૧**

**રાણીપઃ** કૈલાસબહેન વા/ઓ રાજીવભાઇ ગાંધી (ઉ.વ.૩૮) (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) તા.૧૭/૧૦/૨૦૨૧ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે રાણીપ પ્રબોધ રાવલ સર્કલ થઇ ચિમનભાઇ બ્રીજ તરફ પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કૈલાસબહેન ગાંધીના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર પેડલ સાથે કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- ખેચી ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કૈલાસબહેન ગાંધીએ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

**રામોલઃ** ચંદ્રભાણ ગણપતલાલ ગુપ્તા (ઉ.વ.૫૦) (રહે. કેનસાસ કાઉન્ટી બંગ્લોઝ રાધે ચેમ્બર્સ પાસે કર્ણાવતી ચાર રસ્તા વસ્ત્રાલ) તા.૧૬/૧૦/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે સુરેલીયા રોડ થી વંડર પોઇન્ટ તરફ જતા રસ્તે પાર્થ એપાર્ટમેન્ટ સામેથી એક્ટીવા ચલાવી પત્ની સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ચંદ્રભાણ ગુપ્તાના પત્નીના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ચંદ્રભાણ ગુપ્તાએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

**રામોલઃ** સરસ્વતી રાજેંદ્રભાઇ ગ્રામણી (ઉ.વ.૫૦)(રહે.શંકરનગર અમરાઇવાડી રબારી કોલોની વસ્ત્રાલ) તા.૧૬/૧૦/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે મુરલીધર સોસાયટીના ગેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એકટીવા ઉપર આવેલ એક પુરૂષ સરસ્વતી ગ્રામણીના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૯૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સરસ્વતી ગ્રામણીએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

**દાણીલીમડાઃ** જીવુબહેન વા/ઓ કોકાભાઇ ભરવાડ (ઉ.વ.૫૦) (રહે. ભરવાડ વાસ કમોડ અમદાવાદ ગ્રામ્ય) તા.૧૬/૧૦/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા ક્રીચ્યન કબ્રસ્તાન સામે પીરાણા રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે લાલ રંગના મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ જીવુબહેન ભરવાડના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ જીવુબહેન ભરવાડે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ</u>-** **<u>સમાચાર યાદી નં.૧૯૦૧/૨૦૨૧</u>**

**બાપુનગરઃ** પ્રવિણભાઇ દૂધાભાઇ વિડજા (ઉ.વ.૫૨) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ ભક્તિનગર સોસાયટી અંબાજી મંદિરના ખાંચામાં બાપુનગર) એ બિમારીથી કંટાળી તા.૧૭/૧૦/૨૦૨૧ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઇ શંકરભાઇ ચલાવે છે.

**ઓઢવઃ** ચેતનભાઇ હરીભાઇ બારોટ (ઉ.વ.૫૮) (રહે. ગેટ નંબર-૨૦ રબારી વસાહત ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૦/૨૦૨૧ સાંજના ૯/30 વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતના લાકડાની વળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાંતિલાલ જીવાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.